## સારાંશ

## ટીપીએલ-જી (એપીપી) દ્વારા (કેસ નંબર ૨૧૭૮/૨૦૨૩) માનનીય કમીશન સમક્ષ

## દાખલ કરવામાં આવેલી અરજી

## ટોરેન્ટ પાવર લિમીટેડ જનરેશન અમદાવાદ પાવર પ્લાન્ટ

### પૂર્વભૂમિકા

૧.૧ જીઇઆરસી (મલ્ટીયર ટેરીફ) રેગ્યુલેશન્સ, ૨૦૧૬ ની જોગવાઇઓ મુજબ, ટીપીએલ-જી (એપીપી)એ આ અરજી માનનીય કમીશન સમક્ષ નીચેની વિગતોની મંજુરી મેળવવા કરેલ છે.

૧. નાણાંકીય વર્ષ ૨૦૨૧-૨૨ માટે એઆરઆરનું ટ્રુ અપ અને નિયંત્રીત/અનિયંત્રીત પરિબળોને લીધે થયેલ ફાયદા નુકશાનની વહેંચણી

૨. નાણાંકીય વર્ષ ૨૦૨૩-૨૪ માટે એઆરઆરનું નિર્ધારણ

૩. નાણાંકીય વર્ષ ૨૦૨૩-૨૪ માટે વિજદરનુ નિર્ધારણ

### નાણાંકીય વર્ષ ૨૦૨૧-૨૨ માટે ટ્રુ-અપ

૧.૨ માનનીય કમીશને નાણાકીય વર્ષ ૨૦૨૧-૨૨ માટે અમદાવાદમાં આવેલ વીજઉત્પાદન મથક (જે હવેથી ટીપીએલ-જી(એપીપી) તરીકે ઓળખાશે) ના એઆરઆરની મંજુરી ૩૧ માચ ૨૦૨૧ ના (કેસ નંબર ૧૯૨૫/૨૦૨૧) ઓર્ડર દ્વારા આપી છે. જે નાણાકિય વર્ષ ૨૦૨૧-૨૨ ના સુધારેલા અનુમાનો પર આધારીત હતી. એઆરઆરની મંજૂરી નાણાકીય વર્ષ ૨૦૨૧-૨૨ ની વાસ્તવિક વિગતો પર થનાર ટ્રુ-અપ પર આધારીત છે.

૧.૩ ટ્રુ અપ માટે જીઇઆરસી (મલ્ટીયર ટેરીફ) રેગ્યુલેશન્સ, ૨૦૧૬ ની જોગવાઇઓ મુજબ ટીપીએલ-જી(એપીપી)એ માનનીય કમીશનના ૩૧ માર્ચ ૨૦૨૧ ના (કેસ નંબર ૧૯૨૫/૨૦૨૧) ઓર્ડરના આધારે અરજી કરેલ છે.

૧.૪ ટીપીએલ-જી(એપીપી)એ એઆરઆરના ટ્રુ-અપ માટે નીચેના માપદંડો ધ્યાનમાં લીધા છે:

૧. બળતણની કિંમત અને કામકાજના માપદંડ જેવા કે પીએલએફ, એસએચઆર, ઓકઝીલરી કન્ઝમ્પશન, સેકન્ડરી ફયુલ કન્ઝમ્પશનના સંદર્ભમાં વેરીયેબલ ખર્ચમાં થયેલ બદલાવ.

૨. ફીકસડ ખર્ચા જેવા કે ઓ એન્ડ એમ ખર્ચ, વ્યાજ ખર્ચ, ઘસારો, ઇક્વીટી પર મળવાપાત્ર વળતર, આવકવેરો અને નોન-ટેરીફ આવકમાં થતો બદલાવ.

૩. નિયંત્રિત અને અનિયંત્રિત પરિબળોને ગણતરીમાં રાખીને ફાયદા/નુકશાનની વહેંચણી.

૧.૫ ટીપીએલ-જી(એપીપી)એ માનનીય કમીશન દ્વારા મંજુર કરેલા કાર્યક્ષમતાના માપદંડોને જાળવી રાખવા માટે ઉત્કૃષ્ટ પ્રયત્નો કરેલ છે. વેરીયેબલ ખર્ચમાં થયેલાં ફેરફાર મુખ્યત્વે બળતણની કીંમત, વપરાશ, મિશ્રણ અને કેલોરીફિક વેલ્યુ જેવા અનિયંત્રીત પરિબળોમાં થયેલ ફેરફારને કારણે છે. તદ્ઉપરાંત, કાર્યક્ષમતાના માપદંડો જેવાકે સેકન્ડરી ફ્યુલ કન્ઝમ્પશન, ઓકઝીલરી કન્ઝમ્પશન અને સ્ટેશન હિટ રેટ જેવા નિયંત્રીત પરિબળોના ફેરફારના કારણે પણ છે.

૧.૬ ટીપીએલ-જી(એપીપી)એ ફાયદા/નુકશાનની ગણતરી વાસ્તવમાં પ્રાપ્ત કરેલ કાર્યક્ષમતાના માપદંડો અને ત્યારબાદની નિપજને આધારે કરી છે. તે મુજબ, જીઇઆરસી (મલ્ટીયર ટેરીફ) રેગ્યુલેશન, ૨૦૧૬ અનુસાર ટેરીફ તરીકે પાસ કરવા સુચીત કરેલ છે. ટીપીએલ-જી(એપીપી)એ કામકાજના વાસ્તવિક માપદંડને અનુરૂપ વેરીયેબલ ખર્ચની ગણતરી, વાસ્તવિક ફિક્સ ખર્ચ અને ફાયદા/નુકશાનના ખર્ચાની વહેંચણી માનનીય કમિશનને જીઇઆરસી (મલ્ટીયર ટેરીફ) રેગ્યુલેશન, ૨૦૧૬ મુજબ ધ્યાને લેવા માટે વિનંતી કરે છે. ટીપીએલએ માનનીય કમીશનને ઉપરોક્ત ગણતરીના આધારે ટીપીએલ-જી(એપીપી)ના ટ્રુ-અપની મંજુરી માટે વિનંતી કરેલ છે.

૧.૭ ટ્રુઇંગ-અપ કરેલ એઆરઆર નીચે કોષ્ટકમાં દર્શાવેલ છે.

**કોષ્ટક ૧: નાણાકિય વર્ષ ૨૦૨૧-૨૨ માટે ટીપીએલ-જી(એપીપી)ના ટ્રુ-અપ કરેલ એઆરઆર**

| રૂ. કરોડમાં | | |
|---|---|---|
| ઓર્ડર મુજબ એઆરઆર | (એ) | ૧૧૫૭.૩૫ |
| અનિયંત્રીત પરિબળોને કારણે ફાયદા/(નુકશાન) | (બી) | ૨૫.૬૨ |
| નિયંત્રીત પરિબળોને કારણે ફાયદા/(નુકશાન) | (સી) | ૩૮.૧૨ |
| ટેરીફ તરીકે પાસ-થ્રુ | ડી=-(બી+૧/3 સી) | (૩૮.૩૨) |
| ટ્રુ-અપ એઆરઆર | ઇ= એ+ડી | ૧૧૧૯.૦૨ |

૧.૮ ટીપીએલ-જી(એપીપી) એ માનનીય કમીશનને ઉપર દર્શાવેલ ગણતરી મુજબના એઆરઆરને મંજુર કરવા રજુઆત કરેલ છે.

**નાંણાકીય વર્ષ ૨૦૨૩-૨૪ ના એઆરઆર :**

૧.૯ માનનીય કમિશને ૨૦ ઓકટોબર, ૨૦૨૨ ના ઓર્ડર દ્વારા યુટીલીટીને જીઇઆરસી (મલ્ટીયર ટેરીફ) રેગ્યુલેશન્સ, ૨૦૧૬ના સિદ્ધાંતો અને પદ્ધતિના આધારે નાંણાકીય વર્ષ ૨૦૨૩-૨૪ ના એઆરઆર અને વીજ દર નિર્ધારણ માટેની અરજી કરવા નિર્દેશ કરેલ છે. તે મુજબ ટીપીએલ-જી(એપીપી)એ જીઇઆરસી (મલ્ટીયર ટેરીફ) રેગ્યુલેશન્સ, ૨૦૧૬ ની જોગવાઇઓ અનુસાર ટીપીએલ-જી (એપીપી) માટે નાંણાકીય વર્ષ ૨૦૨૩-૨૪ ના એઆરઆર નિર્ધારણ માટેની અરજી દાખલ કરી છે.

૧.૧૦ અંદાજીત એઆરઆરના અનુમાનો નીચે મુજબ છે

એ) કામકાજના માપદંડ જેવા કે, એસએચઆર, ઓકઝીલરી વપરાશ, એસએફસી, ટ્રાંઝિટ લોસ અને ઓ એન્ડ એમ ખર્ચ જીઇઆરસી (મલ્ટીયર ટેરીફ) રેગ્યુલેશન્સ, ૨૦૧૬ મુજબ લેવામાં આવે છે.

બી) નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪ માટેના અંદાજીત બળતણ ખર્ચ અને કેલરીફિક વેલ્યુ લીધેલ છે.

સી) ટીપીએલ-જી(એપીપી) નો પીએલએફ ટીપીએલ-ડી ની અંદાજિત વીજ ખરીદીના અનુમાન પર આધારીત છે.

ડી) નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪ નાં અંદાજિત મૂડી ખર્ચ યોજનાઓમાં સામાન્ય મૂડી ખર્ચ તેમજ સુરક્ષા અને સલામતીને લગતા મૂડી ખર્ચ રજુ કરેલ છે.

ઇ) ઘસારો , વ્યાજ ખર્ચ, કાર્યકારી મૂડી પરનો વ્યાજ ખર્ચ, ઇક્વિટી પર મળવાપાત્ર વળતર વગેરેની ગણતરી લાગુ પડતા રેગ્યુલેશન્સ અનુસાર કરવામાં આવી છે.

૧.૧૧ નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪ માટે નિર્ધારિત એઆરઆર નીચે કોષ્ટકમાં આપેલ છે.

**કોષ્ટક ૨: ટીપીએલ-જી(એપીપી) ના નાંણાકીય વર્ષ ૨૦૨૨-૨૩ ના એઆરઆર**

| રુ. કરોડમાં | નાંણાકીય વર્ષ ૨૦૨૩-૨૪ |
|---|---|
| વેરીયેબલ ખર્ચ | ૧૧૦૭.૨૬ |
| ઓ એન્ડ એમ ખર્ચ | ૧૬૫.૭૭ |
| પાણીના ખર્ચ | ૨૭.૭૯ |
| વ્યાજ ખર્ચ | ૦.૨૯ |
| કાર્યકારી મૂડી નો વ્યાજ ખર્ચ | ૧૫.૨૩ |
| ઘસારો | ૫૨.૩૫ |
| ઇકવીટી પર મળવાપાત્ર વળતર | ૬૪.૧૫ |
| આવકવેરો | ૧૩.૭૮ |
| ઇનસેન્ટિવ | - |
| બાદ: બિન-ટેરિફ આવક | ૧૫.૧૦ |
| **એઆરઆર** | **૧૪૩૧.૫૨** |